શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૨૦
અંક : ૩

## વર્ષ દરમ્યાન

(૧) જેન્ડર અને વિકાસ

માનવ અધિકાર પખવાડિયાની ઉજવણી (સ્ત્રી હિંસા વિરોધી અભિયાન) ૨૪ નવે થી ૧૦ ડીસે પ્રોજેકટ વિસ્તારમાં થઈ. જેન્ડરની સમજ માટે મીટીંગ અને વકતવ્યો ગોઠવાયા તેમજ સંસ્થાના બે કાર્યકરોએ જેન્ડરની તાલીમ મેળવી પોતાના કાર્યવિસ્તારોમાં તાલીમો આપી. મહિલા ન્યાય સમિતી સાથે સંકલન જાળવી શકયા નહી જેથી તેની કામગીરી ઢીલી પડી.

(૨) તાલીમ અને શિક્ષણ

ખેડૂતો તાલીમ કમ પ્રેરણા પ્રવાસો યોજાયા સંસ્થાના કાર્યકરોની તાલીમો અને પ્રેરણા પ્રવાસ થયા. લર્નીગ રીસોર્સ સેન્ટરની સ્થાપના, શાળા શાસન વ્યવસ્થા પર તેમજ મહદઅંશે સ્લમ વિસ્તારના બાળકો સાથે કાર્ય કરી શકયા.

(૩) તંદુરસ્ત સમાજ અને પર્યાવરણ

સંસ્થા દ્વારા રચાયેલ સ્વસહાયજુથો તેમજ પાણી સમિતીઓનું ફોલોઅપ થયુ નહી. પ્રોજેકટ વિસ્તારમાં આરોગ્ય નિદાન કેમ્પ તેમજ પર્યાવરણ સુરક્ષા માટે વાર્તાલાપો યોજાયા. પાણી સંગ્રહના કાર્યો લોકભાગીદારીથી થયા.

(૪) કૃષિ ઉત્પાદકતા વૃધ્ધિ કાર્યક્રમમાં હરિરાજ, કોટનકનેકટ અને સીએસપીસી સાથે રહી ૧૦૭૫૦ ખેડૂતોને જોડી તેમના ખેતીખર્ચ ઘટાડવા તથા ઉત્પાદન વધારવા અંગે કાર્ય થયું આપતિજન્ય જોખમો ઘટાડવા સજજતાસંઘ સાથે રહી ૩૦૦ ખેડૂતોમાં જાગૃતી બની અને વીમાના પ્રિમિયમની સામે મળતા વળતરની વિગતો સમજી.

(૫) સુક્ષ્મ ધિરાણ અને ઉદ્યોગ સાહસિકતા

સંસ્થાના ટેકાથી રચાયેલ અવિરત એગ્રો કંપનીએ પોતાનો બીઝનેસ પ્લાન બનાવી ફેરટ્રેડ સાથે કામ શરૂ કર્યુ. અમરેલી જીલ્લા મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી લી.ની કામગીરી મધ્યમ રહી. ગીરફાર્મ, જાફરાબાદ અને સોરઠ કંપનીએ તેઓની નોંધણીના આ બીજા વર્ષમાં વ્યાપારી કામકાજો શરૂ કર્યા. કાર્ય વિસ્તારના ૩ કેન્દ્રો થકી ટેકાના ભાવે મગફળી ખરીદી. જુનાગઢ લેપ્રસી કોલોનીના યુવાનો દ્વારા ચાલતી મંડપ સર્વીસ વર્ષ દરમ્યાન તેના સભ્યોના પરિવાર માટે આજીવિકા બની. આ ઉપરાંત ટપક, વાર્ષિક અહેવાલ, પ્રચાર સાહિત્ય તથા વીડીયો જેવા દસ્તાવેજીકરણ થયા.

**પારકા ધનની લાલચ રાખવી ખરાબ છે.**

**જૈવિક ખાતરો વાપરવાની રીતો :**

બીજની માવજત : જે પાકના બીજને માવજત આપવાની હોય તે બીજનો એક હેકટર માટે જરૂરી જથ્થો થોડાક પાણીથી ભીનો કરી તેમાં એક પેકેટનો પાવડર ઉમેરી બિયારણને આ કલ્ચરનો પટ એક સરખો લાગે તે રીતે હલાવો. ફોતાવાળા બિયારણ હોય છે એટલે હવે ગોળનું દ્રાવણ બનાવવાની જરૂર નથી. પટ આપેલ બિયારણને કપડાં અથવા કોથળા પર એક સરખા પાથરી છાયાવાળી જગ્યામાં સૂકવો. સુકાયા પછી તરત વાવની માટે ઉપયોગ કરવો.

ધરૂં અથવા કટકાની માવજત : ડાંગર, શાકભાજી, બટાટા, અને શેરડી જેવા પાકોની વાવણી ધરૂં અથવા આંખવાળા કટકાથી કરવામાં આવે છે. આવા પાકો માટે જૈવિક ખાતરની માવજત નીચે મુજબ કરવી :

સૌપ્રથમ ડોલમાં ૧૦ લીટર પાણી લો. જૈવિક ખાતરના ૨ પેકેટનો જીવાણુંયુકત પાવડર આમાં નાખી તેને બરાબર હલાવી મિશ્રણ તૈયાર કરો. તૈયાર કરેલ મિશ્રણમાં વાવવાના ઉપયોગમાં લેવાના કટકા અથવા ધરૂંને બોળીને રોપણી માટે ઉપયોગમાં લો.

શેરડી જેવા પાકો માટે અડધું પીપ પાણી લઈ તેમાં ૨ પેકેટનો જીવાણુંયુકત પાવડર નાખી હલાવી મિશ્રણ કરો. શેરડીના કટકા રોપતા પહેલા તેમને પ્રવાહીમાં બોળીને રોપવા અથવા શેરડીના કટકા ચાસમાં ગોઠવ્યા પછી ઝારીથી અથવા લોટાથી આ પ્રવાહીનું મિશ્રણ કટકા પર પડે તે રીતે વાપરવું.

***સંકલન : બીપીન કુંજડીયા***



***માનવી અભિમાનથી ફુલાઈ શકે છે, જ્ઞાનથી ફેલાઈ શકે છે.***

## ટકાઉ ખેતી

દોસ્તો માર્ચ મહિનાનો આકરો તાપ ચાલુ થઈ ગયો છે. પાણીની બુમરાગ સંભળાવવા લાગી છે. આપણે આજે ખેતી અને પાણીની થોડી વાતો કરીએ. તળાજા તાલુકામાં આજની થોડા દિવસ પહેલા ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું હતું. મોટાભાગના ગામોમાં જયાં નજર પહોંચે ત્યાં બસ પાણી જ પાણી એટલું પાણી વેડફાતું હતું કે કોઈ માપ નહીં ખેડૂતો સાથે સમયમાં ટપક ફુવારા માટે વાત કરવી પણ બેમાની લાગતી. ભૂલથી સૂક્ષ્મ પિયતની વાત કરો તો ખેડૂત બેધ્યાનથી વાત સાંભળે

દોસ્તો કહેવા માગું છું એટલે યોગ્ય પિયત પદ્ધતિ અપનાવામાં બે કાળજી રાખવી યોગ્ય છે? પાણી કોઈ ફેકટરીમાં બનતી પ્રોડકટ નથી કે જરૂરિયાત મુજબ ઉત્પાદન કરી શકાય. પાણી હોય તો પણ અને તંગી હોય તો પણ પણ જરૂરિયાતના પેરામીટરના આધાર પર વાપરવું જરૂરી છે. બાકી આ રીતે પાણીનો દુર ઉપયોગ દરિયાકાઠાંના વિસ્તારો માટે આવતા થોડા સમયમાં જ ખતરનાક સાબિત થઈ શકે. દરિયાનું પાણી ધીરા પગે આગળ વધી રહ્યું છે. અને આ બાબતે તમામ લોકોને ખબર પણ છે. છતાય લોકોમાં ગંભીરતા જે હોવી જોઈએ તે દેખાતી નથી. દરિયા કાંઠાના લગભગ તમામ વિસ્તારોમાં સીએસપીસી ટાટા ટ્રસ્ટ અને સહયોગી સંસ્થાઓ પાણી અને આજીવિકાના કામોમાં ગ્રામિણ લેવલ પર કાર્યરત છે. તે નીડ બેઈઝ એનાલીસીસના આધારે લોકોમાં જાગૃતિ તેમજ ટેકા રૂપ કાર્ય કરી રહી છે. તો આ કાર્યક્રમમાં લોકોની સહભાગીતા વધે તે ઈચ્છનીય છે.

પાણીના યોગ્ય ઉપયોગ માટે ટપક પદ્ધતિ, ફુવારા પિયત, લાઈવ મલ્ચીંગ, પ્લાસ્ટિક મલ્ચીંગ, આંતર પાક, છાણીયા ખાતરનો યોગ્ય ઉપયોગ, એક પાટલે પિયત તેમજ પાકની જરૂરિયાત મુજબ જ પાણી આપવું વગેરે પદ્ધતિઓનો ઉપયોગ કરી અને પાણીની બચત કરવી જોઈએ. સાથે કુવા રીચાર્જીગ, ખેત તલાવડી, જુના ચેક ડેમ રીપેરીંગ, તળાવ ઉંડા ઉતારવા વગેરે જેવા કામોને વેગ આપવા ગામ લોકો આગળ આવે તે ખુબ જરૂરી છે.

આવતી પેઢીને માત્ર જમીનનો ટુકડો વારસામાં આપવાથી તેમની જીંદગી આસાન બનશે નહિ દોસ્તો જો તેમને વારસામાં મીઠા પાણીનો સ્ત્રોત આપી ને જશો તો તેમની જીંદગી ખુબ જ આસાનીથી જીવી શકાશે.

દોસ્તો છેલ્લે એટલુ જ કહીએ કે પાણીને જીવની જેમ સાચવવાની, અને સંગ્રહ કરવાની ટેવ પાડીએ અને આવતી પેઢીની મીઠા પાણીથી આબાદ બનાવી.

*– ડી.એન.ઝાલા ૯૮૨૫૪૨૨૪૪*

**સફળતાના પાયામાં હંમેશાં સંઘર્ષ જ હોય છે.**

## એલજી લીડર વર્કશોપ ટીંબી

કૃષિઉત્પાદકતા વૃધ્ધિ કાર્યક્રમમાં વર્ષના અંતે કાર્યક્રમના અસરકાર અમલીકરણ તથા બનેલ ખેડૂત સંગઠનના ક્ષમતાવર્ધન માટે થયેલી પ્રવૃતિઓની જાણકારી આપવા તથા આગામી આયોજન માટે ખેડૂતોના પ્રતિભાવો મેળવવા માટે તા.૧૦.૦૩.૨૦૧૮ ના રોજ પટેલવાડી ટીંબી ખાતે એલજી લીડર વર્કશોપ યોજાયો. જેમાં ૨૦૦ ખેડૂત ભાઈબહેનો જોડાયા. કાર્યક્રમ દરમિયાન કૃષિ વ્યવસાય, પાણીનો કાર્યક્ષમ ઉપયોગ, જળ સંસાધનોની જાળવણી વ્યવસ્થાપન અને ખેડૂતોના બનેલા સંગઠનોની આજની સ્થિતિ અને આગામી રણનીતિ પર ચર્ચા થઈ. કિશન વાળા, જય સાંખટ, ભાવિકા સોલંકી, પ્રીયા કાછડીયા તથા પ્રિયંકા ત્રિવેદી સહિતના કાર્યકરોએ પોતાના કામ સંદર્ભે માહિતી આપી. પીયુ મેનેજરશ્રી જયેશ જાદવે સંસ્થા દ્વારા ચાલતા કાર્યક્રમની ચાર વર્ષની ઝાંખી, મળેલા પરિણામો, વધેલો વ્યાપ, અનુભવોની રજૂઆત કરી. કપાસની સાથે મગફળી, બાગાયતી પાકો, શાકભાજી, પશુપાલન, તળાવ ઉંડા ઉતારવા, બંધપાળા અને ખેતતલાવડી સહિતના જળસંગ્રહના કામોને પણ જોડયા. આવતા વર્ષે ૧૫ નવા ગામો ઉમેરી કુલ ૬૦ ગામો સાથે કામ કરવાનો લક્ષાંક છે તેમ જણાવ્યુ હતું.



**કોઈ પણ વસ્તુ પ્રાચીન હોવાથી જ ઉતમ નથી હોતી.**

વર્ષ દરમિયાન થયેલ કામગીરીના પ્રતિભાવો અશોક શેલાર દ્વારા લેવામાં આવ્યા હતા. તેમાં દીલુભાઈ વરૂ એ વાત કરી કે હું નીમઓઈલનો જ ઉપયોગ કરું છું દવામાં અને આજ સુધી કપાસમાં ઈયળ આવી નથી. એક મહિલા લીડરએ ખાતરનો ખાડો કરવા મળેલ માર્ગદર્શન બદલ સંસ્થાનો આભાર માન્યો. છગનભાઈએ ખેડૂતોને એકજૂથ બનીને તેમજ સંગઠિત થઈને કામ કરવા જણાવ્યુ. નાથાભાઈ રાણપરીયાએ આધુનિક ખેતીની ટેકનોલોજી પર ભાર મુકયો. મનુભાઈ સાવલીયાએ ખેતીના આવા કાર્યક્રમો માટે ફી રાખવા જણાવ્યુ. પોપટભાઈએ જમીન ચકાસણીનું મહત્વ સમજાવ્યુ.

સોરઠ કંપનીના ચેરમેન પુનાભાઈ ચોવટીયાએ સજીવ ખેતી અને ગાય આધારીત ખેતીથી થતાં ફાયદાની માહિતી આપી હતી.

કાર્યક્રમનો નિચોડ આપતા સંસ્થાના ડાયરેકટર શ્રી ધીરૂભાઈ વાગડિયા જણાવ્યું કે આ વિસ્તારમાં ખારાશને કારણે ઉત્પાદન, પાણી અને જમીનને માઠી અસર થાય છે તેમજ બજાર વ્યવસ્થા ગોઠાયેલી ન હોવાથી ભાવો મળતા નથી ખેડૂતોએ બે સંગઠનો ઉભા કર્યા છે તો તેમના દ્વારા આપણા ખરીદ વેચાણના પ્રશ્નો હલ થઈ જશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પરેશ સોલંકીએ કર્યુ, મયુર કારેણાએ આભાર માની કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.



**બીજાની ખામીમાં રસ લેવો એ જ આપણી ખામી છે**

## ઉનાળામાં દુધાળા પશુની માવજત

ઉનાળામાં ગરમીનો પારો આપણે ત્યાં ૪૫ સે. સુધી ઉંચે જાય છે. જે કેટલાક વર્ગના પશુઓની જાતી, પ્રજાતી માટે પડકારરૂપ બનેલ છે. ઉંચા તાપમાનને કારણે તેના દુધ ઉત્પાદનમાં ૧૦ થી ૩૦ ટકા સુધીનો ઘટાડો જોવા મળેલ છે.

ગરમીથી દુધાળા પશુમાં થતા તનાવની અસરો :

૧. ખોરાક તથા પાચનશક્તિમાં ઘટાડો : ખોરાકમાં થતો ઘટાડો ગરમીના પ્રમાણમાં હોય છે. ગરમીની અસર ટાળવા શારીરિક ક્રિયા ઝડપી થવાથી મોટાભાગની શક્તિ તેમાં વપરાઈ જાય છે. તેના કારણે શરીરમાં વધુ ગરમી ઉત્પન્ન થાય છે. તેને કારણે પશુની પાચનશક્તિમાં ૧૦ થી ૧૨ ટકાનો ઘટાડો થાય છે.

૨. દુધ ઉત્પાદનમાં ઘટાડોઃ મુખ્ય કારણ હલકી ગુણવતાવાળો જરૂર કરતાં ઓછો મળતો ઘાસચારો છે. જરૂર કરતાં ઓછી શક્તિ મળવાથી દુધ ઉત્પાદનમાં સામાન્ય કરતા નીચુ જાય છે.

૩. દુધના બંધારણમાં ફેરફાર : ગરમીને કારણે ફેટના ટકા, ફેટ સિવાયના તત્વો (એસ. એન.એફ) તથા કેસીન (પ્રોટીન) થતો ઘટાડો મુખ્ય છે. લેકટોઝના ટકામાં પણ ઘટાડો થાય છે.

૪. શારીરિક વિકાસ / વૃધ્ધિ દરમાં ઘટાડો : ગરમીથી પશુના ખોરાક અને ઉત્પન્ન થતા અંતઃ સ્ત્રાવોમાં ઘટાડો થાય છે. ગરમી દુર કરવા શરીરમાં વધારે શક્તિ વપરાય છે. જેને કારણે વૃધ્ધિ દરમાં ઘટાડો થાય છે.

૫. પાણીની જરૂરીયાતમાં વધારો : તાપમાનમાં ૩૫ થી ૩૭ ડિગ્રી વધારો થતા પાણીની જરૂરીયાતમાં ૨૦ – ૩૦ જેટલો વધારો થાય છે. ગરમીને કારણે ચામડી દ્વારા પરસેવા રૂપે વધારે પાણીનો નિકાલ થાય છે.

૬. જાનવરની પ્રજનનશક્તિમાં ફેરફાર : ગરમીથી જાનવરની પ્રજનનશક્તિમાં ઘટાડો થાય છે. ગાભણ થવાનો દર ઠંડા મહિના કરતા ગરમ મહિનામાં ઘટી જાય છે. અંતઃ સ્ત્રાવો થતાં ફેરફારથી ભેંસો પ્રછન્ન (છુપી) ગરમીમાં આવે છે. જેથી તેવી ભેંસોને ઓળખવી મુશ્કેલ પડે છે. ગરમી ચુકી જવાથી અથવા ખોટા સમયે બીજદાન કરવાથી પ્રજન્ન ક્ષમતામાં ઘટાડો થાય છે.

– ગરમીના તનાવથી દુધાળા જાનવરની શારીરિક વર્તણુકમાં થતા ફેરફાર

– જાનવરનો શ્વસન દર વધી જાય છે. જે સામાન્ય ૧૮ થી ૨૦ પ્રતિ મિનિટ હોય છે. તે ૫૦ થી ૬૦ પ્રતિ મિનિટ હોય છે. જે શરીરના ડાબી બાજુના ખાડાની ચામડીના હલન ચલન

***અહંકારને શૂન્ય કરવામાં પ્રાર્થના મદદ કરે છે.***

પરથી જાણી શકાય છે.

– મો ખુલ્લુ રાખી શ્વસન કરવું, જે છેલ્લી કક્ષાના તનાવની નિશાની છે. જેમાં મો આગળ લેવામાં આવે છે. જીભ બહાર નીકળી જાય છે અને ખુબ જ પ્રમાણમાં લાળ ઝરે છે તથા આગળના પગ પહોળા રાખી જાનવર ઉભુ રહે છે.

– ભેંસો ઘણીવાર શરીર પર પગ વડે પાણી નાખવાનો પ્રયાસ કરે છે અથવા મોઢું કે શરીર પાણીના વાસણમાં કે હવાડામાં ડુબાડવાનો પ્રયત્ન કરે છે. કાદવમાં કે ગંદા પાણીમાં આળોટવું એ ભેંસોની સામાન્ય આદત છે.

દુધાળા પશુઓને ગરમીથી બચાવવાના ઉપાયો :

૧. મકાન રચનામાં ફેરફાર

– પશુઓને દિવસે ગરમીના સમયે છાણ–માટીના છાપરાથી બનેલા શેડમાં અથવા છાંયડાવાળી જગ્યાએ બાંધવા. જે સીધા સુર્યપ્રકાશને અટકાવશે.

– શેડની લંબાઈ પૂર્વ– પશ્ચિમ દિશામાં રાખવી જેથી હવાની અવરજવર સારી રીતે થઈ શકે.

– શેડના છાપરા ઉપર પુળા, નિરણ કે ઘાસ રાખવા. છાપરૂં બનાવવામાં વપરાતો સામાન અનુ રંગ ગરમી પ્રતિરોધક હોવો જોઈએ.

સૂર્યપ્રકાશની સીધી ગરમીથી બચવા શેડની આજુબાજુ ઘાસ, નાના છોડ પણ ઉછેરી શકાય.

– ઝડપી વધતા ઝાડની ૩ થી ૮ લાઈન આ મકાનથી ૨૫–૪૫ મીટર દુર રાખવાથી ગરમ પવનો રોકાશે.

રાત્રીના સમયે ભેંસોને વાડામાં ખુલ્લી રાખવી જોઈએ જેથી દિવસ દરમ્યાન પશુઓના શરીરમાં સંગ્રહાલયેલ ગરમીનો વ્યય થાય.

૨. પાણી છંટકાવ

મોટા ડેરી ફાર્મ હોય તો છત ઉપર ફુવારા ફીટ કરી પાણીમાં છંટકાવ કરી શકાય છે.

ભેંસોના આખા શરીર પર ભીની માટીનો લેપ (મડ પ્લાસ્ટરીંગ) કરવામાં આવે છે. જેના પર પાણીનો છંટકાવ કરવાથી છીછરી તળાવડીમાં આળટવા કરતાં વધારે અસરકર્તા માલુમ પડેલ છે.

ખેતર ઉપર બનાવેલ નાનકડી ખેતતલાવડીમાં જલવિહાર કે તળાવમાં નવડાવવાની વ્યવસ્થા વધુ ઉપયોગી નીવડી શકે છે.

મોટા ડેરી ફાર્મ ઉપર પંખા, પડદા, કોથળા, ખસની ટટ્ટી જેવા ઠંડક આપવાના સાધનોનો ઉપયોગ કરવો.

પશુઓને પીવા માટે માટલામાં રાખેલું ઠંડુ પાણી આપવું અથવા ઠંડી જગ્યાએ પુરતી સંખ્યામાં પાણીમાં હવાડા રાખવા જોઈએ.

***કલા દ્વારા માનવસંસ્કૃતિમાં સૌંદર્યનો વિકાસ થાય છે.***

**Happy Birthday**

| | |
|---|---|
| Rohit Mokariya | 01.04.1994 |
| Valkubhai Gohil | 12.04.1975 |
| Vinaychandra joshi | 24.04.1983 |
| Hiren Gohil | 25.04.1996 |
| Kaushik Pandya | 27.04.1977 |
| Priya Kachhadiya | 26.04.1999 |

**In this month**

| | |
|---|---|
| 3 | Board of director's meeting of Jafrabad producer company Ltd. |
| 3-4 | Training on seasame of Krushi Vignan Kendra, Amreli |
| 5 | Board of director's meeting of Sorath Agiculture Producer Company Ltd. and Avirat Agro PCL. |
| 6 | Meeting with varios orgnisation and media parsons for WWD by Nyayika |
| 8 | Celibretion of world women's day by all project area. |
| 8-10 | Cluster Event at Pasvala, Samter, Sondardi, Lor and Khatrivada by INGJ27 &14. |
| 10 | LG Leaders workshop at Timbi by INGJ14. |
| 11-13 | Farmers exposer Amreli SSKK and Nasari Agriculture university by INGJ27 |
| 13 | Refresher Programme for NGOs (MEDP/LEDP/ SHPI etc.) by NABARD at SSKK Amreli |
| 20-21 | Review and planning meeting of PMFBY held |
| 30 | Closure of LetzChange Fundraising Challenge ’18 |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2018-20**
**Valid Upto 31/12/2020**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**મનમાં કંઈક ભરીને જીવશો તો મન ભરીને જીવી નહીં શકો.**